# આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ–૩૮૮ ૧૧૦

આણંદ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ વિભાગ હસ્તક ચાલતાં મરઘાંપાલન તાલીમ કેન્દ્રના પ્રમાણપત્ર કોર્ષના વિનિયમો, અભ્યાસક્રમ અને સૂચિપત્રમાં સુધારા બાબત...

---

**વંચાણે લીધો** ::– તા.૧૩.૦૩.૨૦૧૮ના રોજ આણંદ ખાતે મળેલ વિદ્યા પરિષદની ૪૮મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૮.૩નો ઠરાવ

## –:: જા હે ર ના મું ::–

**આથી સંબંધકર્તા સર્વેને જાણ માટે જાહેર કરવામાં આવે છે કે, તા. ૧૩.૦૩.૨૦૧૮ના રોજ આણંદ ખાતે મળેલ વિદ્યા પરિષદની ૪૮મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૮.૩ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

"આથી ઠરાવવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના નિયંત્રણ હેઠળના મરઘાં પાલન તાલીમ કેન્દ્ર, આણંદ ખાતે દશ અઠવાડિયાની મુદ્દતના જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન બે જુદા જુદા પ્રકારના તાલીમ વર્ગોની જગ્યાએ **"વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ"** પ્રમાણપત્ર કોર્ષના વર્ષ દરમ્યાનના ત્રણ વર્ગો **"પરિશિષ્ટ–અ"** માં જણાવ્યા મુજબના વિનિયમો, અભ્યાસક્રમ અને સૂચિપત્ર મંજૂર કરવામાં આવે છે અને તેનો અમલ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૨૦૧૯થી કરવાનો રહેશે."

**(અરૂણ પટેલ)**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. આકૃયુ/વિશિનિ/એકેડેમીક/વિદ્યા પરિષદ–૪૮.૩/પોલ્ટ્રી વિનિયમો/ ૭૧૩૪–૪૦ /૨૦૧૮:
તા. ૨૦.૦૩.૨૦૧૮

**નકલ સવિનય સહ રવાના ::–**

(૧) વિદ્યા પરિષદના તમામ સભ્યશ્રીઓ
(૨) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ
(૩) યુનિવર્સિટીના તમામ આચાર્યશ્રી અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ
(૪) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૫) માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૬) કુલસચિવશ્રી, એકેડેમીક/બોર્ડ શાખા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ વધારાની ૨૫ નકલો સહિત જાણ થવા વિનંતી સહ...

**નકલ રવાના ::–**

મુખ્ય વૈજ્ઞાનિક અને વડાશ્રી, મરઘાં સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ **'પરિશિષ્ટ–અ"(૧ થી ૮)** જરૂરી બિડાણો સહિત જાણ/ઘટતું થવા સારૂં...

# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

# પરિશિષ્ટ– અ

**વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમવર્ગના સૂચિત વિનિયમો, અભ્યાસક્રમ(સીલેબસ) અને સૂચિપત્ર**

મરઘાંપાલન તાલીમ કેન્દ્ર
મરઘાં સંશોધન કેન્દ્ર
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮ ૧૧૦
ફોન નં : (૦૨૬૯૨) ૨૬૨૩૫૨

# પરિશિષ્ટ– અ

## અનુક્રમણિકા


| પરિશિષ્ટ | વિનિયમની વિગત | | પાન નંબર |
|---|---|---|---|
| પરિશિષ્ટ–૧ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના પ્રવેશ, હાજરી, પરીક્ષા અને શિષ્યવૃત્તિના વિનિયમો | | ૧ |
| | ૧ | પ્રવેશ લાયકાત | ૧ |
| | ૨ | પ્રવેશ પસંદગી | ૧ |
| | ૩ | નોંધણી અને ફી/અમાનત | ૨ |
| | ૪ | પરીક્ષા | ૩ |
| | ૫ | શિષ્યવૃત્તિ | ૩ |
| પરિશિષ્ટ–૨ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટેના શિસ્તના વિનિયમો | | ૪ |
| પરિશિષ્ટ–૩ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમનો અભ્યાસક્રમ | | ૫–૭ |
| પરિશિષ્ટ–૪ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એનાયત કરવાના ગુણપત્રકનો નમૂનો | | ૮ |
| પરિશિષ્ટ–૫ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને એનાયત કરવાના પ્રમાણપત્રનો નમૂનો | | ૯ |
| પરિશિષ્ટ–૬ | વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમનું સૂચિપત્ર | | ૧૦–૧૬ |

# તાલીમ વર્ગનું નામ : "વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ"

## વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના પ્રવેશ, હાજરી, પરીક્ષા અને શિષ્યવૃત્તિના વિનિયમો

**વિનિયમ–૧ પ્રવેશ લાયકાત :**

૧.૧ પ્રવેશ મેળવવા ઈચ્છતાં ઉમેદવાર ધોરણ–૮ (આઠ) પાસ હોવા જોઈએ.

૧.૨ પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ જે તે શૈક્ષણિક લાયકાતની પરીક્ષા ગુજરાત રાજયમાં આવેલ શાળા અથવા બોર્ડમાંથી ગુજરાતી વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ.

૧.૩ પ્રવેશ મેળવવા ઈચ્છતાં ઉમેદવારની વય મર્યાદા ૧૫ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઈએ.

**વિનિયમ–૨ પ્રવેશ પસંદગી :**

૨.૧ પ્રવેશ અંગેની જાહેરાત રાજય કક્ષાના ગુજરાતી દૈનિક સમાચાર પત્રમાં તાલીમ શરૂં થતા પહેલા એક માસ અગાઉ પ્રસિધ્ધ કરવામાં આવશે. વર્ષ દરમિયાન ૧૦ (દસ) અઠવાડિયાનો એક એવા કુલ ત્રણ તાલીમવર્ગો સામાન્યતઃ જુલાઈ, ઓકટોબર અને જાન્યુઆરી માસના પ્રથમ સોમવારથી શરુ થશે. અભ્યાસક્રમનું માધ્યમ ગુજરાતી રહેશે.

૨.૨ પ્રવેશ માટે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનુક્રમે ૭ ટકા, ૧૫ ટકા તથા ૨૭ ટકા બેઠકો અનામત રાખવામાં આવશે. જો અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહી મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી પ્રમાણે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે.

૨.૩ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/ સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું (નોન ક્રીમીલેયર) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે.

૨.૪ (અ) દરેક તાલીમ વર્ગની પ્રવેશ ક્ષમતા ૨૫ બેઠકોની રહેશે.

(બ) સૂચિપત્ર સાથેનું અરજી પત્રક/પ્રવેશ પત્રક રુબરુમાં રૂા.૧૦૦/– રોકડેથી અથવા મનીઓર્ડર (રૂા.૧૦૦/– + પોસ્ટેજ ચાર્જ) મોકલવાથી મળી શકશે. સૂચિપત્રની કિંમત યુનિવર્સિટી વખતો વખત નક્કી કરે તે મુજબ રહેશે.

૨.૫ પ્રવેશ માટે આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી પ્રવેશપાત્ર ઉમેદવારની શૈક્ષણિક લાયકાતને લગતા નીચેના મુદાઓ ધ્યાનમાં લઈ અગ્રતાક્રમ યાદી તૈયાર કરવામાં આવશે.

(અ) ધોરણ–૮ થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા પાસ/નાપાસ, ધોરણ–૯ પાસ/નાપાસ અને ધોરણ–૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે. જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં લેવાની રહેશે નહીં.

(બ) એકસરખા ગુણ/ટકા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વધુ ઉંમરવાળા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.

(ક) જનરલ મેરીટ લિસ્ટમાંથી અનામત કેટેગરી માટેના કેટેગરી પ્રમાણે અલગ–અલગ મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે.

૨.૬ અધુરી વિગતવાળા અથવા નિયત સમય બાદ મળનાર અરજી પત્રક રદબાતલ ગણાશે.

૨.૭ અરજી પત્રક સાથે ઉમેદવારે નીચે મુજબના બીડાણો પૈકી લાગુ પડતા દસ્તાવેજો સામેલ રાખવાના રહેશે.

(અ) ધોરણ–૮ (આઠ) થી એસ.એસ.સી. સુધીમાં છેલ્લી પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ તેમજ એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ હોય તો પરીક્ષા માટે કરેલ તમામ પ્રયત્નોની પ્રમાણિત નકલ.

(બ) શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મના દાખલાની પ્રમાણિત નકલ.

(ક) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/ સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂ

કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતાં હોય તો તેઓનો "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી "(નોન ક્રીમીલેયર) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે.

(ડ) નોકરી કરતા કે અન્ય સંસ્થામાં શૈક્ષણિક તાલીમ લેતા ઉમેદવારના કિસ્સામાં જે તે સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું ના વાંધા પ્રમાણપત્ર (નો ઓબજેકશન સર્ટીફીકેટ).

૨.૮ પ્રવેશ આપવા માટે ઉમેદવારની પસંદગી કરવા નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | અધ્યક્ષ | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી |
| ૨. | કન્વીનર | આચાર્યશ્રી, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ |
| ૩. | સભ્ય સચિવ | મરઘાં સંશોધન કેન્દ્રના વડાશ્રી |

૨.૯ કેન્દ્ર ખાતે આવેલ અરજીઓની ચકાસણી કરી, પ્રવેશ પાત્ર થતી અરજીઓમાંથી શૈક્ષણિક લાયકાતના આધારે નિયત કરેલ સંખ્યાની અગ્રતાક્રમ યાદી તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાતે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાત વખતે હાજર રહેનાર ઉમેદવારોમાંથી પસંદગી સમિતિ ક્રમાનુસાર ઉમેદવારોને કેન્દ્રની દાખલ શકિતની મર્યાદામાં રહી તથા અનામત વર્ગના ઉમેદવારોની અનામત બેઠકો પર ક્રમાનુસાર પ્રવેશ આપવા પસંદગી કરશે. શૈક્ષણિક લાયકાતના આધારે પ્રવેશ મેળવવા પાત્ર થતાં ઉમેદવારો મરઘાં ફાર્મનું કાર્ય સરળતાથી કરે તે જરૂરી છે જે અંગેની બાબત પણ પસંદગી સમિતિ નકકી કરશે.

૨.૧૦ પસંદગી પામેલ ઉમેદવારો તાલીમ શરૂ થયાના પ્રથમ ત્રણ દિવસ સતત ગેરહાજર રહેશે તો તેઓનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેની જગ્યા પર પ્રતિક્ષા યાદીના ઉમેદવારને ક્રમાનુસાર પ્રવેશ આપી દેવામાં આવશે.

૨.૧૧ રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. રૂબરૂ મુલાકાત વખતે અરજી પત્રકમાં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને ગુણપત્રક રજુ કરવાના રહેશે. તે ઉપરાંત રૂબરૂ મુલાકાતના પત્ર(ઈન્ટરવ્યુ કોલલેટર)માં જણાવેલ બાબતો અંગે પણ સ્પષ્ટતા કરવાની રહેશે.

૨.૧૨ પ્રવેશ મેળવવા ઈચ્છતાં ઉમેદવાર કોઈપણ સંસ્થામાં શિક્ષણ/તાલીમ લેતા હોય કે નોકરી કરતાં હોય તો સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર" (No Objection Certificate) રજુ કરવાનું રહેશે.

## વિનિયમ–૩ નોંધણી અને ફી / અમાનત :

૩.૧ પસંદગી સમિતિ ધ્વારા પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવારોએ પ્રવેશ મેળવવાના સમયે નીચે મુજબની ફી / અમાનતની રકમ કેન્દ્રની કચેરીમાં ભરપાઈ કરવાની રહેશે.

| ક્રમ | ફી/અમાનતની વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | છાત્રાલય અમાનત (પરત મળવા પાત્ર) | ૧૦૦/– |
| ૨ | કોશન મની (પરત મળવા પાત્ર) | ૫૦/– |
| ૩ | ઓળખપત્ર ફી | ૨૦/– |
| ૪ | ગુણપત્રક ફી | ૫૦/– |
| ૫ | પ્રમાણપત્ર ફી | ૫૦/– |
| ૬ | ઈલેકટ્રીસીટી ફી | ૧૦૦/– |
| ૭ | ટયુશન ફી | ૫૦૦/– |
| ૮ | પરીક્ષા ફી | ૧૩૦/– |
| | **કુલ રૂપિયા** | **૧,૦૦૦/–** |

૩.૨ ફી / અમાનતની રકમ નીચે જણાવેલ યુનિવર્સિટીના હિસાબી સદર હેઠળ જમા કરવાની રહેશે.

(અ) છાત્રાલય અમાનત – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટના સદર ૯૭૦૪ હોસ્ટેલ અમાનત સદરે

(બ) કોશન મની અમાનત – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અમાનત સદર ૯૭૦૩ કોશન મનીની અમાનત સદરે

(ક) ઓળખપત્ર, ગુણપત્રક, પ્રમાણપત્ર, ઈલેકટ્રીસીટી, ટયુશન અને પરીક્ષા ફી – કેન્દ્રના બજેટ સદરે

૩.૩ અમાનતોની રકમ પરત કરતા પહેલા જે તાલીમાર્થી પાસે યુનિવર્સિટીની કોઈ લ્હેણી રકમ વસૂલ કરવાની બાકી રહેતી નથી તે અંગેની પૂરતી ચકાસણી કર્યા પછી જ અમાનતોની રકમ પરત કરવાની રહેશે.

૩.૪ કોશન મનીની રકમ જે તાલીમાર્થીઓ અભ્યાસ પૂરો કર્યા બાદ એક માસના સમયની અંદર માંગણી ન કરે તો યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાની રહેશે. કોઈપણ કારણોસર અધૂરો અભ્યાસ છોડનાર અથવા હાજરી પૂરી ન કરનાર તાલીમાર્થીને અમાનત રકમ પરત કરવામાં આવશે નહી. આ રકમ યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવાની રહેશે.

**વિનિયમ–૪ પરીક્ષા :**

૪.૧ તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી જરૂરી રહેશે.

૪.૨ હાજરીની ગણતરીમાં તાલીમવર્ગ દરમ્યાન કુલ અસરકારક તાસને ધ્યાનમાં લેવામાં આવશે.

૪.૩ માંદગી સબબ તાલીમાર્થી ૮૦ ટકા હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી માંદગી સબબનું **તજજ્ઞ તબીબ (રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનર)** નું પ્રમાણપત્ર તાલીમ કેન્દ્રને રજુ કરે તો ૫ ટકા સુધીની ખૂટતી હાજરીમાં છૂટછાટ તાલીમ કેન્દ્રના વડાશ્રી આપી શકશે. જયારે આ સબબની વધુ ૫ ટકા (કુલ ૧૦ ટકા) ગેરહાજરી હોય તેવા કિસ્સામાં તાલીમ કેન્દ્રના વડાશ્રીએ માંદગીની વાસ્તવિકતા ચકાસીને તે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની સ્પષ્ટ ભલામણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને કરવાની રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આવા કિસ્સાઓમાં તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની મંજૂરી આપવાની સંપૂર્ણ સત્તા રહેશે.

૪.૪ તાલીમવર્ગમાં વિષયવાર ૧૦૦ ગુણની આતંરિક (૫૦ ગુણ સૈધાંતિક + ૫૦ ગુણ પ્રાયોગિક) તેમજ ૧૦૦ ગુણની અંતિમ (૫૦ ગુણ સૈધાંતિક + ૫૦ ગુણ પ્રાયોગિક) એમ મળી કુલ ૨૦૦ ગુણની પરીક્ષા રહેશે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | પક્ષીઓની માવજત અને મરઘાં પોષણ વિજ્ઞાન<br>**(Poultry Management and Poultry Nutrition)** |
| ૨ | મરઘાં સંવર્ધન વિજ્ઞાન અને સેવન વ્યવસ્થા<br>**(Poultry Breeding and Hatchery Management)** |
| ૩ | પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અર્થકારણ<br>**(Technology and Economics)** |
| ૪ | મરઘાં સ્વાસ્થ્ય અને શરીર ક્રિયા– રચના વિજ્ઞાન<br>**(Poultry Health and Physio-Anatomy)** |

૪.૫ દરેક વિષયના વ્યાખ્યાતાઓએ પરીક્ષાના યોગ્ય માળખામાં પ્રશ્નપત્રો કાઢવાં, તપાસવાં, પ્રાયોગિક પરીક્ષા લેવી અને પરિણામ તૈયાર કરવા જેવી તમામ જવાબદારી અદા કરવાની રહેશે.

૪.૬ માંદગી અથવા કોઈ ખાસ અનિવાર્ય કારણોસર તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીની પાછળથી પરીક્ષા લેવામાં આવશે. પરંતુ કોઈપણ કારણોસર અંતિમ પરીક્ષામાં ગેરહાજર રહેનાર તાલીમાર્થીની પરીક્ષા પાછળથી લેવામાં આવશે નહીં.

૪.૭ તાલીમાર્થીએ અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા દરેક વિષયના સૈધાંતિક અને પ્રાયોગિક મળીને કુલ ગુણના ઓછામાં ઓછા ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે. તાલીમ વર્ગમાં ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓને શ્રેણી આપવામાં આવશે નહીં.

૪.૮ જે તે તાલીમવર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહીં.

**વિનિયમ–૫ શિષ્યવૃત્તિ :**

૫.૧ મરઘાં પાલન તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને જ યુનિવર્સિટીએ નિયત કરેલ દરથી તાલીમ પૂર્ણ થયેથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. તાલીમ અધુરી છોડી જનાર અથવા અપૂરતી હાજરીના કારણે તાલીમવર્ગ પૂર્ણ ન કરનાર તાલીમાર્થીને શિષ્યવૃતિ મળવાપાત્ર રહેશે નહીં. યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી શિષ્યવૃત્તિની માસિક રકમ યુનિવર્સિટી વખતોવખત નકકી કરે તે મુજબ રહેશે.

૫.૨ જે વિદ્યાર્થી શનિ–રવિ કે જાહેર રજાના આગળ કે પાછળના તાલીમ કેન્દ્રના કામકાજના દિવસોએ ગેરહાજર રહે તો તે વિદ્યાર્થીને શનિ, રવી કે જાહેર રજાના દિવસોની શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે નહી.

૫.૩ વિદ્યાર્થી માંદગી સબબ કે કોઈપણ કારણોસર તાલીમ કેન્દ્રમાં ગેરહાજર રહે તો તેમને ગેરહાજર રહેલ દિવસોની શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે નહી.

૫.૪ તાલીમવર્ગમાં જે વિદ્યાર્થીની સતત ૧૦ દિવસથી વધુ ગેરહાજરી થશે તો તેમની શિષ્યવૃત્તિ જે તે દિવસથી બંધ કરવામાં આવશે. જે વિદ્યાર્થી શિષ્યવૃતિના વિનિયમ–૫.૨ મુજબ શનિ–રવિ, જાહેર રજાના જેટલા દિવસની ગેરહાજરી થાય તે દિવસોની તેમજ માંદગીના દિવસોની ગણતરી શિષ્યવૃતિ બંધ કરવાના દિવસો **(૧૦) માં** કરવી નહી.

૫.૫ જે વિદ્યાર્થી તાલીમ કેન્દ્રના કામકાજના દિવસે કોઈપણ એક તાસમાં ગેરહાજર રહેશે તો તે વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ ગણવા માટે આખા દિવસની ગેરહાજરી ગણાશે.

# વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ પ્રમાણપત્ર અભ્યાસક્રમના તાલીમાર્થીઓ માટેના શિસ્તના વિનિયમો

---

૧. નીચે જણાવ્યા પ્રમાણેની બાબતો વિદ્યાર્થીની અશિસ્ત, ગેરવર્તન, ગેરવર્તણુંક તરીકે ગણવામાં આવશે અને તે અંગે છાત્રાલયમાંથી બરતરફી તથા કેન્દ્રમાંથી બરતરફી દંડ વગેરે શિક્ષાત્મક પગલા નિયમો અનુસાર કેન્દ્રના વડા લઈ શકશે.

૧.૧ વિશ્વવિદ્યાલય વિસ્તારમાં દાહક, સ્ફોટક, તીક્ષ્ણ કે વિનાશક હથિયારો રાખે કે તેનો ઉપયોગ કરે તો.

૧.૨ માદક, કેફી કે ઝેરયુકત પદાર્થો રાખે કે તેનો ઉપયોગ કરે તો.

૧.૩ અન્ય વિદ્યાર્થીનીને હેરાનગતિ / પરેશાની, બિભત્સ વર્તન કરે અથવા કરાવે તો.

૧.૪ સંસ્થાનું હિત જોખમાય તેવી પ્રવૃત્તિઓ જેવી કે સભા, દેખાવ, હડતાલ જુથબંધી કે સરઘસ કરે / કાઢે તો.

૧.૫ વિશ્વવિદ્યાલયની અસ્કયામતો મિલ્કતોને કોઈપણ પ્રકારનું નુકશાન, ભાંગફોડ કે ચોરી કરે તો.

૧.૬ યુનિવર્સિટીના નિયમો,આદેશ કે સૂચનાઓનો અનાદર કે ઉલ્લંઘન કરે તો.

૧.૭ અન્ય વિદ્યાર્થીને અભ્યાસમાં ખલેલ પહોચાડે તો.

૧.૮ શિક્ષણ કાર્ય, પરીક્ષા, સંશોધન કે વિસ્તરણ શિક્ષણ પ્રવૃત્તિઓનો બહિષ્કાર / અવરોધ કરે તો.

૧.૯ વિશ્વવિદ્યાલયની બેઠકો, રમત–ગમત, સાંસ્કૃતિક કે અન્ય કાર્યક્રમોમાં અવરોધ કરે તો.

૧.૧૦ કોઈપણ વિદ્યાર્થીઓની ચીજ–વસ્તુ રોકડ રકમની ચોરી કરે તો.

૧.૧૧ વિશ્વવિદ્યાલયના અધિકારીશ્રીઓ, શિક્ષકો, કર્મચારીઓ, છાત્રાલયના વહીવટકર્તાઓ સાથે ગેરવર્તાવ કરે તો.

૧.૧૨ સંસ્થાની મુલાકાતે આવનાર મુલાકાતીઓ, કર્મચારીઓ ના કુટુંબીજનો, સંસ્થાના મહેમાનો કે અન્ય સંસ્થાના વિદ્યાર્થીઓ સામે અગવડતા ઉભી કરે, મુશ્કેલી ઉભી કરે, ઉશ્કેરાઈ જાય, ઈજા કે નુકશાન કરે તો.

૧.૧૩ પ્રયોગશાળા, છાત્રાલય, સંસ્થાના સાધનો, વીજળી પ્રવાહ, પાણી વગેરેનો દુરઉપયોગ કરે તો.

૧.૧૪ નિયત કરેલ ગણવેશ પહેરીને ન આવે તો.

૧.૧૫ શંકાશીલ ચાલચલગત જણાય તો.

૨. વિદ્યાર્થીઓની અશિસ્ત, ગેરવર્તાવ, ગેરવર્તણુંક બાબતોમાં કેન્દ્રના વડાશ્રી વિદ્યાર્થી / વિદ્યાર્થીઓને સાંભળ્યા પછી યોગ્ય નિર્ણય લઈ નીચેના શિક્ષાત્મક પગલાં લઈ શકશે.

૨.૧ ગુન્હાની ગંભીરતા મુજબ રૂા. ૧૦૦/– સુધીનો દંડ

૨.૨ વિશ્વવિદ્યાલય અસ્કયામતોને જેટલું નુકશાન પહોંચાડયું હોય તેની પ્રવર્તમાન કિંમતની વસુલાત ઉપરાંત દંડ કરી શકાશે.

૨.૩ વિશ્વવિદ્યાલયની અસ્કયામતોની વિદ્યાર્થીઓએ ચોરી કરી હોય તેવા કિસ્સામાં ગુન્હાની ગંભીરતા જોઈ તેની વસુલાત ઉપરાંત દંડ કરી શકાશે અથવા જરૂરી જણાય તો કાનૂની કાર્યવાહી કરી શકાશે.

૨.૪ છાત્રાલયમાંથી બરતરફી.

૩. કેન્દ્રમાંથી બરતરફ કરવાના સંજોગો ઉપસ્થિત થાય તો તેવા કિસ્સામાં વિદ્યાર્થીને રૂબરૂ સાંભળ્યા બાદ કેન્દ્રના વડાશ્રીએ સૌ પ્રથમ તે વિદ્યાર્થીને અભ્યાસ મોકુફી પર રાખવા અને ત્યારબાદ તેમને બરતરફ કરવા અંગેની વિગતવાર દરખાસ્ત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપવી. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી નો નિર્ણય આખરી ગણાશે.

૪. જયારે વિદ્યાર્થી અજુગતી માંગણી સબબ હડતાલ / ધરણાં અથવા અન્ય શિક્ષણ બહિષ્કારના કાર્યક્રમોનો આશરો લે તેવા સંજોગોમાં કેન્દ્રના વડાશ્રીએ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની જાણ હેઠળ કુલપતિશ્રીની અનુમતિ મેળવીને છાત્રાલય/સંસ્થાની તાળાબંધી કરી શકાશે.

## વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ (Advanced Training in Commercial Poultry Production) નો અભ્યાસક્રમ

### વિષય – ૧ : પક્ષીઓની માવજત અને મરઘાં પોષણ વિજ્ઞાન
(Poultry Management and Poultry Nutrition)

**એકમ–૧ : પક્ષીઓની માવજત (Poultry Management)** (૨+૧)

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. મરઘાંપાલન વ્યવસાયની અગત્યતા
૨. મરઘાંપાલનની પધ્ધતિઓ
૩. વિવિધ મરઘાં ઘરો અને તેના સાધનોનો અભ્યાસ
૪. નાના બચ્ચાંઓની માવજત
૫. ઉછરતા પક્ષીઓની માવજત
૬. ઈંડા આપતી મરઘીઓની માવજત
૭. માંસ માટેના પક્ષીઓની માવજત
૮. સંવર્ધન માટેના પક્ષીઓની માવજત
૯. વિવિધ ઋતુઓમાં પક્ષીઓની માવજત

**(બ) પ્રાયોગિક (Practical) :**

વિવિધ મરઘાં ઘરોનો અભ્યાસ, મરઘાં ઘરના વિવિધ સાધનોનો અભ્યાસ, મરઘાંફાર્મનો દૈનિક કાર્યક્રમ, પક્ષીઓ પકડવા, પક્ષીઓ પર કરવામાં આવતી વિવિધ પ્રક્રિયાઓ, નાના બચ્ચાંઓનું બ્રુડીગ, ખોરાક રૂપાંતરણ ક્ષમતાનો અભ્યાસ કરવો, મરઘાં સ્વાસ્થ્ય કાર્યક્રમ, પક્ષીઓમાં છટણી, વિવિધ પત્રકોનો અભ્યાસ, ઉત્પાદનની ગણતરી

**એકમ–૨ : મરઘાં પોષણ વિજ્ઞાન (Poultry Nutrition)** (૨+૧)

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. મરઘાં પોષણના હેતુઓ અને સિધ્ધાંતો
૨. પોષકતત્વોનો અભ્યાસ અને તેના કાર્યો
૩. મરઘાં આહારના ઘટકોનો અભ્યાસ
૪. વિવિધ પ્રકારના મરઘાં આહારનો અભ્યાસ
૫. મરઘાં આહાર બનાવવા ધ્યાને લેવાના મુદ્દાઓ
૬. ઓછા ખર્ચે મરઘાં આહાર બનાવવાની રીત
૭. વિવિધ પોષકતત્વોની ઉણપથી થતી અસરો અને તેનું નિવારણ
૮. મરઘાં આહારની ગુણવત્તા ચકાસણી
૯. મરઘાં સિવાયના પક્ષીઓની ખોરાક વ્યવસ્થા

**(બ) પ્રાયોગિક (Practical) :**

મરઘાં આહારમાં વપરાતા વિવિધ ઘટકોનો અભ્યાસ, મરઘાં આહાર બનાવવા, વિવિધ મરઘાં આહારોનો અભ્યાસ, ઓછા ખર્ચવાળો મરઘાં આહાર બનાવવાની રીત, મરઘાં આહારની ગુણવત્તા ચકાસણી

**વિષય – ૨ : મરઘાં સંવર્ધન વિજ્ઞાન અને સેવન વ્યવસ્થા**
**(Poultry Breeding and Hatchery Management)**

**એકમ–૧ : મરઘાં સંવર્ધન વિજ્ઞાન** **(Poultry Breeding)** (૧+૧)

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. મરઘાંના બાહય અને આર્થિક લક્ષણોનો અભ્યાસ
૨. મરઘાંની મુળ અને વ્યવસાયિક જાતોનો અભ્યાસ
૩. પસંદગીના સિધ્ધાંતો
૪. મરઘાં સંવનનની પધ્ધતિઓનો અભ્યાસ
૫. ઈંડાં માટેના અને માંસ માટેના પક્ષીઓની સંવર્ધન પધ્ધતિઓ
૬. ધંધાદારી મરઘાં સંવર્ધન

**(બ) પ્રાયોગિક (Practical) :**
મરઘાંની વિવિધ જાતિઓની ઓળખ, કૃત્રિમ સંવનનનો અભ્યાસ, કુદરતી સંવનનનો અભ્યાસ

**એકમ–૨ : સેવન વ્યવસ્થા** **(Hatchery Management)** (૧+૧)

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. સેવન એકમ (હેચરી) : સ્થળ પસંદગી અને આદર્શ બાંધકામ
૨. હેચરીમાં જંતુ પ્રબંધિત વ્યવસ્થા
૩. ઈંડાં સંગ્રહરુમની જરુરીયાતો
૪. સેવન માટેના ઈંડાંની પસંદગી કરવી, જંતુમુકત કરવા અને સંગ્રહ કરવો
૫. સેવનયંત્રનો અભ્યાસ
૬. ફલિનીકરણક્ષમતા અને સેવનક્ષમતાનો અભ્યાસ
૭. સેવનના પરિણામોનો અભ્યાસ
૮. હેચરીમાં એક દિવસના બચ્ચાંઓ પર કરવામાં આવતી પ્રક્રિયાઓ
૯. વંશાવળી સેવન

**(બ) પ્રાયોગિક (Practical) :**
સેવન માટેના ઈંડાંની પસંદગી, જંતુમુકત કરવા, સંગ્રહ કરવો, સંગ્રહરુમનો અભ્યાસ, સેવનયંત્રનો અભ્યાસ, સેવનના પરિણામોનો અભ્યાસ, સેવન બાદ બચ્ચાંઓ પર કરવામાં આવતી પ્રક્રિયાઓ

**વિષય – ૩ : પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અર્થકારણ : (Technology and Economics)**

**એકમ–૧ : પ્રૌદ્યોગિક વિજ્ઞાન (Technology)** (૧+૧)

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. મરઘાંપાલન વ્યવસાયમાં પ્રૌદ્યોગિક વિજ્ઞાનનું મહત્વ
૨. ઈંડાંના કવચની જાળવણી તથા ઈંડાં અને માંસની ગુણવત્તા ચકાસણી
૩. ઈંડાં અને માંસનું પોષણમૂલ્ય
૪. ઈંડાં અને માંસની વિવિધ બનાવટો અને તેની જાળવણી
૫. મરઘાં પેદાશોનું ગુણવત્તા નિયંત્રણ અને ઉત્પાદન ધારાધોરણ

**(બ) પ્રાયોગિક (Practical) :**
ઈંડાં અને માંસની ગુણવત્તા ચકાસણી કરવી, ઈંડાં અને માંસની વિવિધ વાનગી બનાવવાની રીતો

**એકમ–૨ : અર્થકારણ (Economics)** **(૧+૧)**

**(અ) સૈધ્ધાંતિક : (Theory)**

૧. રાજય, રાષ્ટ્ર અને વિશ્વમાં મરઘાં ઉત્પાદન
૨. ઈંડાં માટેનાં પક્ષીઓનું અર્થકારણ
૩. માંસ માટેનાં પક્ષીઓનું અર્થકારણ
૪. સેવન એકમ (હેચરી)નું અર્થકારણ
૫. મરઘાં આહાર એકમનું અર્થકારણ
૬. કોન્ટ્રાકટ ફાર્મિંગ (ઈન્ટીગ્રેશન)
૭. મરઘાં પેદાશોની બજાર વ્યવસ્થા

**(બ) પ્રાયોગિક (Practical) :**

ઈંડાં માટેનાં પક્ષીઓના અર્થકારણની ગણતરી, માંસ માટેનાં પક્ષીઓના અર્થકારણની ગણતરી, સેવન એકમ (હેચરી)ના અર્થકારણની ગણતરી, મરઘાં આહાર એકમના અર્થકારણની ગણતરી

**વિષય – ૪ : મરઘાં સ્વાસ્થ્ય અને શરીરક્રિયા–રચના વિજ્ઞાન**
**(Poultry Health and Physio – Anatomy)**

**એકમ–૧ : મરઘાં સ્વાસ્થ્ય (Poultry Health)** **(૧+૧)**

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. જંતુ પ્રબંધિત વ્યવસ્થા
૨. જીવાણુજન્ય રોગોનો અભ્યાસ
૩. વિષાણૂજન્ય રોગોનો અભ્યાસ
૪. ફુગજન્ય રોગોનો અભ્યાસ
૫. પરોપજીવીઓથી થતા રોગોનો અભ્યાસ
૬. પોષક તત્વોની ઉણપથી થતા રોગોનો અભ્યાસ
૭. ચયાપચયની વિષમતાથી થતા રોગોનો અભ્યાસ
૮. મરણોત્તર તપાસ
૯. મરઘાંમાં રસીકરણ અને મરઘાં સ્વાસ્થ્ય કાર્યક્રમ

**(બ) પ્રાયોગિક (Practical) :**

પક્ષીની મરણોત્તર તપાસ, પધ્ધતિ અને નિદર્શન, પક્ષીના જીવાણુજન્ય, વિષાણુજન્ય, ફુગજન્ય, અને પરોપજીવીઓથી થતાં રોગોનું નિદાન

**એકમ–૨ : શરીરક્રિયા – રચના વિજ્ઞાન (Physio – Anatomy)** **(૧+૧)**

**(અ) સૈધ્ધાંતિક (Theory)**

૧. મરઘાંની બાહય અને આંતરિક રચના
૨. મરઘાંના પાચનતંત્રનો અભ્યાસ
૩. મરઘાંના શ્વસનતંત્રનો અભ્યાસ
૪. મરઘાંના પ્રજનનતંત્ર નો અભ્યાસ
૫. મરઘાંના ઉત્સર્ગતંત્રનો અભ્યાસ
૬. મરઘીમાં ઈંડું બનવાની ક્રિયાનો અભ્યાસ
૭. ઈંડાંની રચના અને ઈંડાંમાં ગર્ભવિકાસનો અભ્યાસ

**(બ) પ્રાયોગિક (Practical) :**

મરઘાંના પાચનતંત્ર, શ્વસનતંત્ર, પ્રજનનતંત્ર અને ઉત્સર્ગતંત્રનો અભ્યાસ, ઈંડાંની આંતરિક રચના અને ઈંડાંમાં ગર્ભવિકાસનો અભ્યાસ

**ફાર્મવર્ક :** તાલીમાર્થી સારુ કૌશલ્ય પ્રાપ્ત કરી શકે તે હેતુથી ફાર્મવર્ક કરવાનું રહેશે.

# ANAND AGRICULTURAL UNIVERSITY
## MARKSHEET

Mr./Mrs./Miss ______________________________________________ has successfully completed certificate course of ten weeks duration in **Advanced Training in Commercial Poultry Production** from Poultry Training Centre, Anand and subject-wise marks obtained are as under.

શ્રી/શ્રીમતિ/કુમારી.................................................................................................એ **વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ** નો દસ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ મરઘાંપાલન તાલીમ કેન્દ્ર, આણંદ ખાતે પૂર્ણ કરી નીચે મુજબના વિષયવાર ગુણ મેળવેલ છે.

| Sr. No. અ.નં. | Subject વિષય | Theory સૈધાંતિક | | Practical પ્રાયોગિક | | Total Marks obtained out of 200 કુલ ગુણ ૨૦૦માંથી મેળવેલ ગુણ | Remarks નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | Total Marks કુલ ગુણ | Marks obtained મેળવેલ ગુણ | Total Marks કુલ ગુણ | Marks obtained મેળવેલ ગુણ | | |
| (1) | Poultry Management and Poultry Nutrition પક્ષીઓની માવજત અને મરઘાં પોષણ વિજ્ઞાન | 100 | | 100 | | | The Class is not given in this training course. આ તાલીમ અભ્યાસક્રમમાં શ્રેણી આપવામાં આવતી નથી. |
| (2) | Poultry Breeding and Hatchery Management મરઘાં સંવર્ધન વિજ્ઞાન અને સેવન વ્યવસ્થા | 100 | | 100 | | | |
| (3) | Technology and Economics પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અર્થકારણ | 100 | | 100 | | | |
| (4) | Poultry Health and Physio - Anatomy મરઘાં સ્વાસ્થ્ય અને શરીરક્રિયા–રચના વિજ્ઞાન | 100 | | 100 | | | |
| | **Total** કુલ | **400** | | **400** | | | |

Academic Year : 20.... -20........
શૈક્ષણિક વર્ષ

Seat Number :
બેઠક નંબર

Duration : ..................... to .....................
સમયગાળો

Total marks obtained : ______ out of 800
કુલ ૮૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ

Result : _______
પરિણામ

Date : _______
તારીખ

Note : Minimum passing marks for each subject (Theory + Practical) : 35%
નોંધ : દરેક વિષય(સૈધાંતિક + પ્રાયોગિક)માં પાસ થવા માટે ઓછામાં ઓછા ૩૫% ગુણ મેળવેલા હોવા જોઈએ.

**Prepared by**
**તૈયાર કરનાર**

**Checked by**
**ચકાસણી કરનાર**

**Head**
**Poultry Training Centre**
**AAU, Anand**
**વડા**
**મરઘાં પાલન તાલીમ કેન્દ્ર**
**આકૃયુ., આણંદ**

**DIRECTOR OF EXTENSION EDUCATION**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# ANAND AGRICULTURAL UNIVERSITY

## પ્રમાણપત્ર

## CERTIFICATE

Passport Size Photograph

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ/કુ. ______________________________ એ વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમનો દસ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ મરઘાંપાલન તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે સફળતાપૂર્વક પૂર્ણ કરી _______, ૨૦___ માં લેવાયેલ પરીક્ષામા ઉત્તીર્ણ થયેલ છે.

This is to certify that Mr./Mrs./Miss ______________________ has successfully completed certificate course of ten weeks duration in Advanced Training in Commercial Poultry Production at Poultry Training Centre, Anand Agricultural University and passed the examination held in _______, 20___.

Date : _________

Place : Anand

વિસ્તરણ શિક્ષણ નિયામક

DIRECTOR OF EXTENSION EDUCATION

# મરઘાંપાલન તાલીમ કેન્દ્ર
# પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ– ૩૮૮૧૧૦

(Web site : www.aau.in)

# સૂચિપત્ર

કિંમત : ૧૦૦ (સો) રૂપિયા + પોસ્ટેજ ચાર્જ

વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ

(Advanced Training in Commercial Poultry Production)

---

બુક પોસ્ટ

જાવક નંબર

તા. – –૨૦

પ્રતિશ્રી,

________________________

________________________

________________________

રવાના :

મુખ્ય વૈજ્ઞાનિક અને વડા
મરઘાંપાલન તાલીમ કેન્દ્ર,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ–૩૮૮ ૧૧૦

**પ્રસ્તાવના :**

મરઘાંપાલન તાલીમ કેન્દ્ર એ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટીનું એક અંગ છે. મરઘાં પાલકો તેમનો વ્યવસાય સફળતાપૂર્વક કરી વધુ સારુ જીવન જીવી શકે તે હકીકતને ધ્યાને લઈ ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા ગુજરાતી ભાષામાં સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ પૂરી પાડવાના હેતુથી સને ૧૯૬૩-૬૪ થી મરઘાં ઉછેર તાલીમ કેન્દ્ર હેઠળ મરઘાં ઉછેર તાલીમ શરૂ કરવામાં આવેલ. છેલ્લાં ચાલીસ વર્ષમાં મરઘાંપાલન વ્યવસાયનો વિકાસ ખૂબ ઝડપી બન્યો છે. ખેતીના પૂરક વ્યવસાય સ્વરૂપે જ ન રહેતાં તે એક સ્વતંત્ર વ્યવસાય બનવાની સાથોસાથ એક ઉદ્યોગ તરીકે પણ વિકસી રહયો છે. મરઘાંપાલન વ્યવસાય આર્થિક રીતે કાર્યક્ષમ રહે તે હેતુથી વ્યવસાય શરૂ કરતાં પહેલાં મરઘાં પાલકે તે માટેનું જરૂરી જ્ઞાન, સર્વાંગી તાલીમ તથા કૌશલ્ય પ્રાપ્ત કરવુ ખુબ જરૂરી છે. મરઘાંપાલન તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓને મરઘાંની માવજત, પોષણ, સંવર્ધન, સ્વાસ્થ્ય, અર્થકારણ વગેરે એકમોનુ તાંત્રિક જ્ઞાન પૂરું પાડી તેમનું કૌશલ્ય વધારી મરઘાંપાલનનો વ્યવસાય તેઓ આત્મવિશ્વાસપૂર્વક કરી શકે તે હેતુથી તાલીમ પૂરી પાડવામાં આવે છે.

**તાલીમ કાર્યક્રમોની વિગત :**

| વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | વિગત | પ્રથમ તાલીમ વર્ગ | દ્વિતીય તાલીમ વર્ગ | તૃતીય તાલીમ વર્ગ |
| ૧. | અરજી કરવાનો સમયગાળો | ૧ થી ૨૦ જુન | ૧ થી ૨૦ સપ્ટેમ્બર | ૧ થી ૨૦ ડીસેમ્બર |
| ૨. | તાલીમની શરૂઆત | જુલાઈના પ્રથમ સોમવારથી | ઓકટોબરના પ્રથમ સોમવારથી | જાન્યુઆરી ના પ્રથમ સોમવારથી |
| ૩. | પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત | ધોરણ-૮ (આઠ) પાસ | ધોરણ-૮ (આઠ) પાસ | ધોરણ-૮ (આઠ) પાસ |
| ૪. | ઉંમર (વર્ષ) | ૧૫ થી ૪૦ | ૧૫ થી ૪૦ | ૧૫ થી ૪૦ |
| ૫. | તાલીમનો સમયગાળો | ૧૦ અઠવાડિયા | ૧૦ અઠવાડિયા | ૧૦ અઠવાડિયા |
| ૬. | પ્રવેશ ક્ષમતા | ૨૫ તાલીમાર્થી | ૨૫ તાલીમાર્થી | ૨૫ તાલીમાર્થી |
| ૭. | માસિક શિષ્યવૃતિ/ સ્ટાઈપેન્ડ | રૂા. ૨૦૦૦/- | રૂા. ૨૦૦૦/- | રૂા. ૨૦૦૦/- |

**પ્રવેશ પસંદગી:**

૧. પ્રવેશ માટે આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી પ્રવેશપાત્ર ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તેમજ નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈ અગ્રતાક્રમ યાદી (જનરલ મેરીટ લિસ્ટ) તૈયાર કરવામાં આવશે.
   (અ) પ્રવેશ માટેની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ગુજરાત રાજયમાં આવેલ શાળા અથવા બોર્ડમાંથી ગુજરાતી વિષય સાથે ધોરણ-૮ (આઠ) પાસ રહેશે.
   (બ) અભ્યાસક્રમનું માધ્યમ ગુજરાતી રહેશે.
   (ક) સૂચિપત્ર સાથેનું અરજી પત્રક રુબરુમાં રૂા.૧૦૦/- રોકડેથી અથવા મનીઓર્ડરથી (રૂા.૧૦૦/- + પોસ્ટેજ ચાર્જ) મોકલવાથી મળી શકશે. સૂચિપત્રની કિંમત યુનિવર્સિટી વખતો વખત નકકી કરે તે મુજબ રહેશે.
   (ડ) ધોરણ-૮ થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા પાસ/નાપાસ, ધોરણ-૯ પાસ/નાપાસ અને ધોરણ-૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે. જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં લેવાની રહેશે નહીં.
   (ઈ) એકસરખા ગુણ/ટકા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વધુ ઉંમર વાળા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.
   (ફ) પ્રવેશ માટે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનુક્રમે ૭ ટકા, ૧૫ ટકા તથા ૨૭ ટકા બેઠકો અનામત

રાખવામાં આવશે. જો અનામત બેઠકો માટે પૂરતા ઉમેદવારો નહીં મળે તો સામાન્ય અગ્રતાક્રમ યાદી પ્રમાણે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

૩. તાલીમ કેન્દ્રને અધુરી વિગતવાળા અથવા નિયત સમય બાદ મળનાર અરજી પત્રક રદ બાતલ ગણાશે, જેની ઉમેદવાર ને જાણ કરવામાં આવશે નહી.

૪. અરજી પત્રક સાથે ઉમેદવારે નીચે મુજબના બીડાણો પૈકી લાગુ પડતા દસ્તાવેજો સામેલ રાખવાના રહેશે.

(અ) ધોરણ–૮ (આઠ) થી એસ.એસ.સી. સુધીમાં છેલ્લી પાસ કરેલ પરીક્ષાના ગુણપત્રકની પ્રમાણિત નકલ તેમજ એસ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ હોય તો પરીક્ષા માટે કરેલ તમામ પ્રયત્નોની પ્રમાણિત નકલ.

(બ) શાળા છોડયાનું પ્રમાણપત્ર/જન્મના દાખલાની પ્રમાણિત નકલ.

(ક) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/ સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી પત્રક સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેના (નોન ક્રીમીલેયર) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતો વખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે.

(ડ) નોકરી કરતા કે અન્ય સંસ્થામાં શૈક્ષણિક તાલીમ લેતા ઉમેદવારોએ જે તે સંસ્થાના વડાશ્રી/સક્ષમ અધિકારીશ્રીનું "ના વાંધા પ્રમાણપત્ર"(નો ઓબજેકશન સર્ટીફિકેટ).

૬. કેન્દ્ર ખાતે આવેલ અરજીઓની ચકાસણી કરી, પ્રવેશ પાત્ર થતી અરજીઓમાંથી ગુણવત્તાના ધોરણે નિયત કરેલ સંખ્યાની યાદી તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાતે બોલાવવાના રહેશે. રૂબરૂ મુલાકાત વખતે હાજર રહેનાર ઉમેદવારોમાંથી પસંદગી સમિતિ ક્રમાનુસાર ઉમેદવારોને કેન્દ્રની દાખલ શકિતની મર્યાદામાં રહી તથા પછાત વર્ગના ઉમેદવારોની અનામત બેઠકો પર ક્રમાનુસાર પ્રવેશ આપવા પસંદગી કરશે. ગુણવત્તાના ધોરણે પ્રવેશ મેળવવા પાત્ર થતા ઉમેદવારો મરઘાં ફાર્મનું કાર્ય સરળતાથી કરી શકે તે જરૂરી છે, જે અંગેની બાબત પણ પસંદગી સમિતિ નકકી કરશે.

૭. પસંદગી પામેલ ઉમેદવારો તાલીમ શરૂ થયાના પ્રથમ ત્રણ દિવસ સતત ગેરહાજર રહેશે તો તેઓનો પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને તેની જગ્યા પર પ્રતિક્ષા યાદીના ઉમેદવારને ક્રમાનુસાર પ્રવેશ આપી દેવામાં આવશે.

૮. રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. રૂબરૂ મુલાકાત વખતે અરજી પત્રકમાં જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને ગુણપત્રકો રજુ કરવાના રહેશે.

૯. ઉપરોકત બિડાણો ઉપરાંત રૂબરૂ મુલાકાતના પત્ર(ઈન્ટરવ્યુ કોલ લેટર)માં જણાવેલ અન્ય બાબતોને પણ ધ્યાને લેવાની રહેશે.

**<u>હાજરી અને પરીક્ષા :</u>**

૧. તાલીમ વર્ગમાં પ્રવેશ મેળવતા દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી જરૂરી રહેશે.

૨. માંદગી સબબ તાલીમાર્થી ૮૦ ટકા હાજરી પૂરી કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તાલીમાર્થી માંદગી સબબનું તજજ્ઞ તબીબ (રજીસ્ટર્ડ મેડીકલ **પ્રેકટીશનર**) નું પ્રમાણપત્ર તાલીમ કેન્દ્રને રજુ કરે તો ૫ ટકા સુધીની ખૂટતી હાજરીમાં છૂટછાટ તાલીમ કેન્દ્રના વડાશ્રી આપી શકશે. જયારે આ સબબની ૫ ટકા થી વધુ પરંતુ કુલ ૧૦ ટકા ગેરહાજરી હોય તેવા કિસ્સામાં તાલીમ કેન્દ્રના વડાશ્રીએ માંદગીની વાસ્તવિકતા ચકાસીને તે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની સ્પષ્ટ ભલામણ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને કરવાની રહેશે. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને આવા કિસ્સાઓમાં તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવા / ન દેવાની મંજૂરી આપવાની સંપૂર્ણ સત્તા રહેશે.

૩. દરેક તાલીમ વર્ગમા આંતરિક અને અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટી તાલીમકાળના મધ્યાંતરે અને અંતિમ કસોટી તાલીમકાળના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.

૪. તાલીમાર્થીએ અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા દરેક વિષયના સૈધાંતિક અને પ્રાયોગિક મળીને કુલ ગુણના ઓછામાં ઓછા ૩૫ ટકા ગુણ મેળવવાના રહેશે. તાલીમ વર્ગમાં ઉતીર્ણ થનાર તાલીમાર્થીઓને શ્રેણી આપવામાં આવશે નહીં.

૫. તાલીમવર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા ફરી લેવામાં આવશે નહીં.

**અભ્યાસક્રમ :** અભ્યાસક્રમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | પક્ષીઓની માવજત અને મરઘાં પોષણ વિજ્ઞાન<br>**(Poultry Management and Poultry Nutrition)** |
| ૨ | મરઘાં સંવર્ધન વિજ્ઞાન અને સેવન વ્યવસ્થા<br>**(Poultry Breeding and Hatchery Management)** |
| ૩ | પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને અર્થકારણ<br>**(Technology and Economics)** |
| ૪ | મરઘાં સ્વાસ્થ્ય અને શરીર ક્રિયા– રચના વિજ્ઞાન<br>**(Poultry Health and Physio-Anatomy)** |

**ફી/અમાનત(ડીપોઝીટ) વિગત :**

પસંદગી પામેલા તાલીમાર્થીઓને નીચે પ્રમાણે ફી અને અમાનતની રકમ કાર્યાલયમાં તુરંત ભરવાની રહેશે.

| ક્રમ | ફી/અમાનતની વિગત | રકમ (રૂા.) |
|---|---|---|
| ૧ | છાત્રાલય અમાનત (પરત મળવા પાત્ર) | ૧૦૦/– |
| ૨ | કોશન મની (પરત મળવા પાત્ર) | ૫૦/– |
| ૩ | ઓળખપત્ર ફી | ૨૦/– |
| ૪ | ગુણપત્રક ફી | ૫૦/– |
| ૫ | પ્રમાણપત્ર ફી | ૫૦/– |
| ૬ | ઈલેકટ્રીસીટી ફી | ૧૦૦/– |
| ૭ | ટયુશન ફી | ૫૦૦/– |
| ૮ | પરીક્ષા ફી | ૧૩૦/– |
| | **કુલ રૂપિયા** | **૧,૦૦૦/–** |

ઉપરોકત રકમમાંથી છાત્રાલય અમાનત અને કોશન મની તાલીમ વર્ગ પૂર્ણ કર્યા બાદ પરત મેળવવા માટે ઉમેદવારે તુરંત અરજી કરવાની રહેશે. કોઈપણ કારણોસર અધૂરો અભ્યાસ છોડનાર અથવા હાજરી પૂરી ન કરનાર તાલીમાર્થીને અમાનત રકમ પરત કરવામાં આવશે નહીં.

**છાત્રાલય સવલતો:**

તાલીમાર્થીઓને છાત્રાલયમાં રહેવાની સગવડ ઉપલબ્ધ છે. તે માટે તાલીમાર્થીએ અરજી કરવાની રહેશે. છાત્રાલયમાં રહેતા તાલીમાર્થીઓએ છાત્રાલયના પ્રવર્તમાન તથા વખતો વખત નકકી કરવામાં આવતાં નિયમોનુ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

**તબીબી સવલતો :**

તાલીમ દરમિયાન જરૂર પડયે પ્રાથમિક સારવાર, કેમ્પસમાં આવેલ પ્રાથમિક સારવાર કેન્દ્રમાં મળી શકશે.

**શિસ્ત અંગેના નિયમો :**

દરેક તાલીમાર્થીએ અભ્યાસ દરમિયાન કેમ્પસમાં સંપૂર્ણપણે શિસ્તનું પાલન કરવાનું રહેશે તથા વખતો વખત નકકી કરવામાં આવતા નિયમોનું પણ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર તાલીમાર્થીની સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવશે અને જરૂરી લાગશે તો તેમને તાલીમ વર્ગમાંથી છૂટા કરવામાં આવશે.

**શિષ્યવૃત્તિ :**

મરઘાં પાલન તાલીમ પૂર્ણ કરનાર તાલીમાર્થીને જ યુનિવર્સિટીએ નિયત કરેલ દરથી તાલીમ પૂર્ણ થયેથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે. તાલીમ અધુરી છોડી જનાર અથવા અપૂરતી હાજરીના કારણે તાલીમ વર્ગ પૂર્ણ ન કરનાર તાલીમાર્થીને શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે નહીં. યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી શિષ્યવૃત્તિની માસિક રકમ યુનિવર્સિટી વખતોવખત નકકી કરે તે મુજબ રહેશે.

# અરજી પત્રક

અરજી પત્રક નં. :

અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ :

મરઘાંપાલન તાલીમ કેન્દ્ર
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ–૩૮૮૧૧૦

Passport
Size
Recent
Photograph

## વ્યવસાયલક્ષી આધુનિક મરઘાંપાલન તાલીમ
## (Advanced Training in Commercial Poultry Production)

૧. ઉમેદવારનું પુરુ નામઃ (અટકથી શરૂ કરીને) ______________________

૨. હાલનું સરનામું : ______________________
______________________
______________________

૩. કાયમી સરનામું : ______________________
______________________
______________________

૪. ફોન નંબર : ______________________

૫. જન્મ તારીખ (આંકડા તથા શબ્દોમાં) : ______________________
______________________

૬. અનામત કક્ષા (અનુસૂચિત જાતિ/જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ વગેરે હોય તો તેની વિગત) : ______________________

૭. પરણિત કે અપરણિત : ______________________

૮. જાતિ (પુરૂષ / સ્ત્રી) : ______________________

૯. શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | પાસ કરેલ પરીક્ષાનું નામ | બોર્ડ | શાળાનું નામ અને ગામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | પરીક્ષામાં મેળવેલ ગુણની વિગત | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા |
| ૧. | | | | | | | |

૧૦. હાલમાં મરઘાંપાલન વ્યવસાય કરો છો ?
જો 'હા' તો કેટલા સમયથી ? ______________________

૧૧. જો હાલમાં કોઈપણ જગ્યાએ અભ્યાસ કે નોકરી કરો છો ? તે જણાવવું (હા/ના) : ______________________

૧૨. જો હાલમાં અન્ય કોઈપણ જગ્યાએ નોકરી/અભ્યાસ કરતા હોય તો જે તે અધિકારીશ્રી/સંસ્થાના વડાશ્રીનું પ્રમાણપત્ર નીચે પ્રમાણે અવશ્ય આપવાનું રહેશે.

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી ______________________ અત્રેની કચેરીમાં તા. ______________ થી ______________ સુધી ______________ તરીકે ફરજ બજાવે છે/અભ્યાસ કરે છે અને તેઓ આપની યુનિવર્સિટી હસ્તક ચાલતી મરઘાંપાલન તાલીમ લે તે માટે અત્રેની કચેરી/સંસ્થાને કોઈપણ જાતનો વાંધો નથી તે તપાસી આ પ્રમાણપત્ર આપેલ છે.

તારીખ : ______________

સ્થળ : ______________

**કચેરી/સંસ્થાના વડાની સહી**

**સિક્કો**

### ઉમેદવારે આપવાની બાંહેધરી :

જો મને મરઘાંપાલન તાલીમમાં પ્રવેશ આપવામાં આવશે તો હું કબૂલાત આપું છું કે જે નિયમો, કાયદા–કાનૂન કેન્દ્રના સંચાલન માટે હાલ અમલમાં હોય અથવા ભવિષ્યમાં અમલમાં આવે તે બધા નિયમોનું હું કેન્દ્રનો વિદ્યાર્થી હોઉં ત્યાં સુધી ચૂસ્તપણે પાલન કરવા બંધાઉં છું. કેન્દ્રના નિયમિત સંચાલનને બાધા આવે તેવું કોઈપણ કાર્ય હું કેન્દ્રની અંદર કે બહાર કરીશ નહી.

તારીખ : ______________ ઉમેદવારની સહી : ______________

સ્થળ : ______________ ઉમેદવારનું નામ : ______________

### ઉમેદવારના પિતા/વાલીએ આપવાની બાંહેધરી :

આથી હું બાંહેધરી આપું છું કે જો મારા ચિરંજીવી/પાલ્યને મરઘાંપાલન તાલીમમાં પ્રવેશ આપવામાં આવશે તો કેન્દ્રમાં અને કેન્દ્રની બહાર મારા ચિરંજીવી/પાલ્યની તમામ વર્તણૂંક માટે હું જવાબદાર છું તેમજ તેની વર્તણૂંક બરાબર ન હોય અથવા કેન્દ્રમાં હાજરી ઘટશે તો સંસ્થા જે પગલાં લેશે તે મને મંજૂર છે.

તારીખ : ______________ પિતા/વાલીની સહી : ______________

સ્થળ : ______________ પિતા/વાલીનું નામ : ______________

**ખાસ નોંધ : અરજી પત્રક સાથે ઉમેદવારે સૂચિપત્રમાં જણાવેલ બીડાણો પૈકી લાગુ પડતા તમામ દસ્તાવેજો અવશ્ય સામેલ કરવાના રહેશે.**